ભાઈ બેહેન ઉપર

પડતા

દુઃખના ડુંગર

એવે નામની

કરૂણા રસ

[illegible] વાંચવા લાયક

વારતા

દોહરો.

સજ્જન સહુ [illegible], વાંચે ન [illegible]
સાનકાન્ય [illegible], [illegible] ન દીલમ [illegible]
[illegible] દુખ જ અતિ અપાર,
[illegible] વિચારજો, વાચોને આના

રચીને પ્રસિદ્ધ કરનાર

છોટાલાલ વરજદાશ.

મુંબઈ.

"પારસી પ્રીન્ટીંગ" પ્રેસ

કિંમત અરધો આનો.

સામટી લેનારને કમીશનથી [illegible]

ભાઈ બેહેન ઉપર

પડતા

દુઃખના ડુંગર.

લાલપુર કરીને એક સુંદર શેહેર હતુ તે શેહેરમા હ-
રીચંદ કરીને એક શાહુકાર રહેતો હતો તે પઇસાથી તથા મા
ન આબરૂથી સારી રીતે સુખી હતો, તેને એક ગંગાબાઇ ના
મની સ્ત્રી હતી, તે સ્ત્રીના ઘણા સારા ગુણ તથા નરમ સ્વભા
વથી તે સૌને વહાલી લાગતી હતી તે સ્ત્રી પુરૂષ જયા જતા
ત્યા હમેશા માન પામતા અને હમેશ તેઓ સુખમા દહાડા
ગુજારતા તેમને એક છોકરી તથા મહીનાનો છોકરો
હતો તે છોકરીનુ નામ લાડકુંવ . હતુ તે પણ ઘણાજ સુ
ખમા ઉછરી હતી, હવે દૈવયોગે તે લાડકુંવરીની માતા
ગંગાબાઇ મરણ પામી ત્યારે તેની છાતી ભરાઇ આવી
તેથી આ પ્રમાણે વિલાપ કરવા લાગી—

વિલાપ.

વનચર વીરા વધામણી (એ રાગ)

માતાજી મારા કયા ગયા, મુકી અમને રે આજ,
પીતા મારો તે શુ કરે, નહીં સુજે રે કાજ ટેક
બધુ મારો અહીંઆજ છે, તે તો નાનુ છે બાળ,
તેની તે દશા શી થશે, કેમ જશે રે કાળ માતા
પીતા મારો તે લગ્ન કરે, જયારે બીજી રે વાર,
સાવકી માતા તે સતાપશે, જયારે આવશે દ્વાર માત

ભણવુ ને હુ ભુલી જઈશ, કોણ સભાળશે ભાઈ,
સાવકી માનેના સૌ જાણે, કરશે દુખની ચડાઈ માતા
હવે માતા હુ શુ કરૂ, ઇશ્વર ઉપર આધાર,
સુખનાતે દીવસ વહી ગયા, હવે દુખનો નહીં પાર માતા

આએ પ્રમાણે લાડકુવરી અતીશય વિલાપ કરીને છાની રહી, અને હમેશા પોતાના નાના ભાઈને સભાળતી હતી

પછી તે ગંગાબાઈના મરણનો શોક વીત્યા બાદ તેના બાપે એક બીજી બાયડી સાથે લગ્ન કરયા તેનુ નામ કરકશાબાઈ હત ગુણ એવાતો ખરાબ હતા કે આખો દહાડો કજીઆ ક કા ની હતી તેમજ પેલા ભાઈ બેહેન ઉપર આડા અવળા વાંકા નાખી, બીચારા ભાઈ બેહેનને હમેશા સતાપતી હતી એક દિવસે તેના ધણીના બાહાર ગઆ પછી કરકશાબાઈ બેઠા બેઠા ભરત ભરતા હતા તેટલામા પેલી છોકરી જેનુ નામ લાડકુવરી હતુ તે આવી કહેવા લાગી કે, નવી, આ નવી, મારો નાનો ભાઈ રડે છે, તેને વાસ્તે દુધ લાવવુ છે, માટે મને એક પઇસો આપ, કે હું દુધ લાવી, તેને પાઉ અને છાનો રાખુ એટલે કરકશાબાઈ બોલ્યા, "મર રાંડ નવી કઇ, અને જુની કઇ, તારો નાનો ભાઈ રડે તો નાખ ચુલામા, હુ ત કયાથી પઇસો આપુ, જા કોઇ તારા ધણી પાસેથી લઇ આવ, હું તે કયા તારા ધણીની કમાણીમાથી આપુ આ એ પ્રમાણે લાડકુવરીએ તે સાવકી માના મોડાના અઘટીત શબ્દ સાભળ્યા ત્યારે એક-

ઇમ પોતાની છાતી ભરાઇ આવી તેથી નીચે પ્રમાણે બોલી

" અરે મારી મા ! મારી વાહાલી મા ! તુ મને અને મારા નાહાનો ભાઇને મુકીને શા વાસ્તે મરણ પામી. અરે મારી મા ! તુ મારી ઉપર અને મારા આ નાહાના ભાઇ ઉપર કેટલુ બધુ હેત કરતી હતી એટલુ હેત, ઓ મારી મા ! હવે અમારી ઉપર કોણ કરશે ? હમો ભુખ્યા થશુ, હમારો હાથ દુખશે, હમારો પગ દુખશે, તારે ઓ મારી મા ! તારા જેવુ દુખ ઞરીમે હમારી કોણ બરદાસ લેશે ? ઞારે ઘડીએ મારા ગાલ ઉપર હાથ ફેરવીને કોણ મારી ખબર લેશે ? અરે મા તારૂ હેત મને વારેવારે સાભરે છે તારા વગર મને મુદલ ગમતુ નથી તુ મનેતો મુકીને મરણ પામી પણ આ મારા નાનકડા ભાઇને, મુકીને શા વાસતે મરણ પામી ! અરે મા, ઓ વાહાલી મા ! હવે હુ શુ કરૂ."

એમ કહીને લાડકુવરી એક દીવસ ઘણીજ રડી પડી અને પોતાના નાહના ભાઇને છાતી સાથે દાબ્યો એટલામા નિશાળનો વડો નિશાળીઓ તેડવા આવ્યો, અને કેહેવા લાગ્યો કે " તમે નિશાળમા બરાબર હાજર થતા નથી તેથી મેહેતાજી રીસે ભરાયેલા છે અને તમારૂ નામ હાજરીમાથી કાહાડી નાખશે " એ સાભળીને લાડકુવરી તરત નિશાળે ગઇ તે તરત ઘણુ રડેલી હતી તેથી તણીની આખ લાલ ચણોઠી જેવી થઇ ગઇ હતી મેહેતાજીએ

જયારે રડવાનુ કારણ પુછયુ ત્યારે તેણીએ જવાબ આપ્યો નહી પણ તેણીની આખમાથી વધારે આસુ પડવા લાગ્યા મેહેતાજી તે વખત એ વાત ખાઇ ગયા અને જરાવાર પછી સમજાવી ફુસલાવીને પુછયુ ત્યારે નીચે પ્રમાણે પોતાની બીના કહી સભલાવી

" મારી ઉમર હાલ દસ વરસની છે જ્યારે હુ નવ વરસની હતી ત્યારે મારી મા જે મારા ઉપર ઘણુ હેત રાખતી હતી તે મરણ પામી અરે જયારે તે મરણ પામી ત્યારે હુ કેટલુ બધુ રડી મને વધારે રડવુ એટલા માટે આવ્યુ કે મારો નહાનો ભાઇ છ મહીનાનો હતો ત્યારે તે મરણ પામી પછી હુ તથા મારો બાપ ચાર પાચ મહીના સુધી ઘણાજ દલગીર રહયા ત્યાર પછી મારા બાપે ફરીથી લગ્ન કરવાનો વિચાર કરયો મારી માને ગુજરવાને આશરે છ મહીના થયા એટલામા મારા બાપે પોતાના લગન કરયા હુ જાણતી હતી કે મારી મરી ગએલી માના જેવુ હેત સાવકી મા રાખનાર નથી તોપણ મને એવી ઉમેદ હતી કે તે મારી અને અગત કરીને મારા નાહના ભાઇની ઘટતી સભાળ રાખશે પણ અરે ! હું કેટલી ના ઉમેદ થઇ મારી સાવકી મા મારી તથા મારા નાહના ભાઇની કાઇબી દરકાર કરે નહીં એટલુજ નહીં પણ મારા બાપ હમારી ઉપર હેત કરે તે દેખી શકે નહીં ધીમે ધીમે મારી સાવકી માને ખાતર મારા

બાપ પણ હમારી ઉપર હેત ઓછુ કરવા લાગ્યા "

"મને મારા પોતાના કરતા મારા નાહના ભાઈને વાસ્તે વધારે દુખ થવા લાગ્યુ મારો નાહનો ભાઈ રડેનો તેનીપણ કાઈ દરકાર મારી સાવકી મા કરે નહી મારા નાના ભાઈને વાસતે ખાવા પીવાની તજવીજખી મારી સાવકી મા રાખે નહીં હરએક વાતમા તે મને અને મારા નાના ભાઈને ધમકાવે. મારા નાહના ભાઈને ભુખ લાગે અને હુ મારી સાવકી માને કહુ કે 'મારો ભાઈ ભુખો થયો છે' તો મારૂ બોલવુ જાણે ઉપર ધરે નહી. ત્યારે મારા પેટમા ઘણોજ બલાપો થઈ આવે અને મને મારી મરણ પામેલી મા યાદ આવે જયારે મારો નાહનો ભાઈ રડે ત્યારે હુજ તેને મુગો રાખુ હુજ તેને રમાડુ મારો બાપ દર. મહીને રૂપીઓ અરધો મને ખરચવા સારૂ આપે તેમ થી હુજ તેને વાસતે કાઇ ખાવાનુ મગાવુ અને તે વખતે વીચાર થાય કે શું બધા છોકરાઓની સાવકી મા આવી ખરાબ હશે! અરે સાવકી માના દીલમા શુ ઇશ્વરે દયા નહી મુકી હશે! એવા એવા ઘણા વીચાર મારા મનમા ઉત્પન્ન થવા લાગ્યા"

"થોડા દીવસ ઉપર મારા ભાઈને તાવ આવ્યો ત્યારે હુ તેના બીછાના આગલ બેસી રહુ પણ મારી સાવકી મા જાણે જાણતીજ નહીં હોય એવી રીતે બેસીને કામકાજ કરે મારા નાહના ભાઈનુ દુખ જોઇ

મારી આખમાથી આસુ ખરે અને જ્યારે મારી મરણ પામેલી મા યાદ આવે ત્યારે મારા આસુનો તો પારજ નહીં હજુ મારા પડોશી ભના કે મને તથા મારા નાહના ભાઇને પ્યારથી બોલાવે કાઇ સારૂ ખાવાનુ કીધુ હોય તો હમોને આપે પણ અરે કોઇપણ દીવશે મારી સાવકી માએ હમારી ઉપર હેત કર્યુ નથી હુ તેણીના હુકમમા રહુછુ જે કેહુછે તે હુ કરૂ છુ હું તેની ધમકી ખમુછુ. કોઇ કોઇ વખતે ગાળો ખાઉછુ ઘરનુ કેટલુ એક કામ કરૂછુ તોપણ અરે તેણીને મનથી કાઇજ નહીં કોઇ દીવસ દલગીરીમા અને દલગીરીમા હુ ભુખી સુઇ ગઇ તો તેની દરકાર મળે નહીં મારા બાપ મારી દયા ખાઇને ઉઠાડવા આવે તો તેમને તેણીને પરવડે નહી. અરે હુ શુ કહુ મારી મા મને વારંવાર યાદ આવેછે ત્યારે મારી આખમાથી આસુઓ ખરેછે,

"હુ બરાબર નીશાળે આવી શકતી નથી તેનુ કારણ પણ એજ છે મને ભણવાની ઘણી હોશ છે પણ મારી ગેરહાજરીમા મારા નાહના ભાંઇની ખબર લેનાર કોઇ મળે નહી તે હજુ પાચ વરસનુ બચ્ચુ થયુ નથી, તેની ઉપર એટલી બધી અરે ખાઇની નજર મારી સાવકી મા શા વાશતે રાખતી હશે અરે મારી મા! મારી વાહાલી મા ! તુ મરણ પામી નહી હોતતો મારી તથા મારા નાહના ભાઇના આવા હાલ થાત નહીં" એમ

બોલતા બોલતા તથા ડચકા ખાતા ખાતા લાડ કુવરી રડી પડી

આવે દેખાવ જોઇ મેહેતાજીને તથા કેટલીએક છોકરીઓ ને ઘાણી દયા ઉપજી એ વાત સાભલી અતીશય અચબો લા ગ્યો ને તેઓની આખમાથી આસુ ભરાઇ આ ગ્યા કેટલીએક છોકરીઓને કોઇબી નાહના બાલકને મુકીને તેના મા મરણ પામશોમા એવુ આપણે સર્વ શકતીમાન ઇશ્વર પાસે માગીએ છીએ તોપણ કદાચ કોઇ નાહના બાલકની મા મરણ પામી હોયતો શુ તેની સાવકી માને લાજ ે ે બરદાસ કરવી નહી। અરે તેની ઉપર અદેખા , જોવુ ! ના કોઇબી સાવકી માને પોતાના ઓરમાન બાળક ઉપર કરડી નજર રાખવી ઘટતી નથી. જેઓ કરડી નજર રાખેછે અને તે બાળકોને પોતાના કરી સમજતા નથી તેઓ ઉપર ઇશ્વરનો અતીશે કોપ થાયછે અને તેવી સાવકી માતા ઓ ઉપર ઇશ્વર કદી દયા કરવાનો નથી,

અરે વાચનારી બેહેનો અને વાચનારી માતાઓ! તમો કોઇ બાળકની સાવકી મા હોયતો તમો એવુજ સમજ જો કે તે બચ્ચાઓની ખરી માની જગો ઉપર ઇશ્વરે તમને મુકેલા છે અને જેવી બરદાસ અને ચાકરી તમો તમારા પોતાના બચ્ચાની કરો તેવીજ બરદા અને ચાકરી તમારા ઓરમાન બચ્ચાઓની કરો તેઓ ઉપર તમે અદેખાઇ ના રાખો તેઓ તદન બેસમજ અને નીર

અપરાધી છે તેઓની ઉપર કરડી નજર અને અદેખાઇ રાખ્યાથી તમારૂ કોઇ જનમમા ભલુ થનાર નથી ની ર્બળ અને નીરઅપરાધી બાળક ઉપર અદેખાઇ અને કડવી નજર રાખ્યાથી તમારૂ દીલ ક્રુર અને ઘાતકી માલુમ પડેછે અને તે તમારી અબળા જાતને છાજતુ નથી તમે એવુ જ સમજો કે તમારા પોતાના તનથી પેદા થયલા બાળકો છે અને તેઓની સભાલ માટે તમે પેદા થયલા છો તમોને પેહેલી બીજા બાળક જન્મ્યા હોય તો તેઓ વચ્ચે [illegible] મારા ઓરમાન, બાળક વચ્ચે તફાવત રાખશો મા જેવા [illegible] તમારા બાળકને ચાહો તેટલાજ તમો તમારા ઓરમાન, બાળકને ચાહો તમે, પોતેજ હોર માન બાળકો જગાએ હો તો તમને પોતાને કેટલુ લાગે તેનો વીચાર કરો જે ઇશ્વરે તમારા હાથમા તઇઆર બાળકો મુકયાછે તે ઇશ્વરનો તમો આભાર માનો અને તેઓની ખરી મા, તરીકે સભાળ લો ઇશ્વર તમને સારી બુધી આપે અને તમો તમારા ઓરમાન બાળકોને ખરા તનના બાળક કરી સમજો એવી હમારી તે કીરતાર આગળ પ્રાર્થનાછે

સમાપ્ત.

